જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૯/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી ૧૪૯ લીટર દેશી દારૂ, ૧૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયરટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪,૩૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ 03 વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૯/૧૬**

**વાડજ : પ્રતિક્ષાબહેન વા/ઓ સુનિલ રોહિતભાઇ પટેલ (ઉ.વ.૨૬) (રહે. શિવનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર સામે નવાવાડજ) નાં પતિ આરોપી સુનિલ રોહિતભાઇ પટેલે પોતાના ઘરે પોતાની પત્ની પ્રતિક્ષાબહેન નાઓનો કોઇ અન્ય વ્યક્તિ સાથે અફેર હોવાનો ખોટો શક વહેમ રાખી, ઝગડો કરી તા.૧૭/૯/૧૬ રાતનાં ૮/30 થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની પત્નીને કોઇ તીક્ષ્ણ હથિયારથી છાતીમાં જમણી બાજુ નીચેના ભાગે ઘા મારી, બીજા માળેથી પ્રતિક્ષાબહેનને નીચે ફેકી દેતાં, સારવાર અર્થે તેમને ભીમજીપુરા ગાયત્રી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૧૧/૦૦ વાગે પ્રતિક્ષાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પ્રતિક્ષાબહેનનાં પિતા ભરતકુમાર મણીલાલ પટેલ (રહે.સૌદર્ય નિહાર વિભાગ-૨, કે.કે.નગર, ઘાટલોડીયા)** એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૦/૧૬**

ગાયકવાડ હવેલી : મહંમદબીલાલ મહંમદહનીફ શેખ (રહે,સીમરન બંગ્લોઝ સરદાર એપાર્ટમેન્ટની સામે, જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૯/૧૬ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના પિતા **મહંમદહનીફ નિઝામુદીન શેખ (ઉ.વ.૪૬) નાઓ નવી ચાલી ચાર રસ્તા પાસે, દુર્ગા ટીમ્બર માર્ટ તથા સાદ બેકરી વચ્ચે ખુલ્લી જગ્યામાં ખાટલા ઉપર બેઠા હતા ત્યારે એક ટુ-વ્હીલર ઉપર આવેલ બે પુરૂષે રિવોલ્વર જેવા હથીયારથી મહંમદહનીફનાં છાતીના ભાગે એક ગોળી મારી, જાનથી મારી નાંખવાની કોશીષ કરી નાસી ગયા હતા. સારવાર અર્થે મહંમદહનીફને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.શેલાર ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૧/૧૬**

નવરંગપુરા : નરોડા વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષની યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પી.જી.પટેલ (રહે.ચાંદખેડા) એ યુવતીને નોકરી આપવાની લાલચ આપી, તા.૧૭/૯/૧૬ સાંજનાં ૫/૩૦ વાગ્યાનાં સુમારે **નવરંગપુરા લોહાભવન પાસે આવેલ, મલક નામની બિલ્ડીંગનાં પહેલા માળે આવેલ ઓફીસ ખાતે બોલાવી,** અન્ય બે ઇસમોની મદદગારીથી **બળજબરીથી યુવતીને દારૂ પીવડાવી, યુવતીની મરજી વિરૂધ્ધ પી.જી.પટેલે યુવતી સાથે શરીર સબંધ બાંધ્યો હતો.** આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી બી.યુ.જાડેજા નાઓ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૨/૧૬**

બાપુનગર : **ઈઝહારઅલી અબ્દુલગફાર શાહ (મુસ્લીમ) (ઉ.વ.૬૧)(રહે, વિશ્વનાથનગરની ચાલી, ગજાનંદ એસ્ટેટ પાસે, અજિત મીલ ચાર રસ્તા, રખિયાલ બાપુનગર) બાપુનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી **જૈનાબ ઉર્ફે મંજુ (ઉ.વ.૨૮) ને તેના પતિ આરોપી અજહર મહેમુદઅલી સૈયદ (રહે,મરિયમબીબીની ચાલી, બિલાલ મસ્જીદ પાસે, ગોમતીપુર) નાં શારીરીક માનશીક ત્રાસ આપવાનાં કારણે જૈનાબ પોતાના પિતાનાં ઘરે રહેતી હતી દરમ્યાન તા.૧૬/૯/૧૬ સાંજના ૬/૧૫ વાગ્યાનાં સુમારે પોતાનાં પિતાનાં ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.** આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.સી.જાડેજા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૩/૧૬**

કૃષ્ણનગર : **સોનીબેન વા/ઓ પ્રકાશભાઇ ટહેલરામાણી (રહે, આર્યસમાજની ચાલી, આર્યસમાજના મંદિર પાસે, સૈજપુરબોઘા કૃષ્ણનગર) એ કૃષ્ણનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૧૬ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી **કમલેશ ઉર્ફે કમલ મોહનભાઇ તોલાણી (રહે, શાંતીનગર, સરદારનગર) સોનીબહેનની પુત્રી રીતુ** (ઉ.વ.૧૬) ને લલચાવી ફોસલાવી, **જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **સી.આર.સગાડા** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ : દિપનારાયણ સુદર્શનભાઇ કોળી (પટેલ) (રહે.ઇન્દીરાનગરનાં કાચા છાપરા, લક્ષ્મી કિરણા સ્ટોર દુકાનની પાછળ, જીવન જયોત ચાર માળીયા પાસે, ઓઢવ)** એ તા.૧૭/૯/૧૬ નાંરોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે **તા.૮/૯/૧૬ ના કલાક ૧૦/30 વાગ્યાનાં** સુમારે ઘર નજીકથી પોતાની **પુત્રી ચન્દ્રીકા (ઉ.વ.૧૬)** ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એન.એલ.દેસાઇ** ચલાવે છે.

<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૪/૧૬</u>

**ચાંદખેડા : મયુરીકાબહેન દિનેશભાઈ શાહ (ઉ.વ.૫૪)(રહે, હીરાધન હેલ્સીઓ, સત્યમેવ હોસ્પીટલ પાછળ, ચાંદખેડા) એ તા.૧૭/૦૯/૨૦૧૬ નારોજ** ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **આજથી સાતેક માસ પહેલા** પોતાના ઘરે આરોપી **કુણાલ રસીકભાઈ પટેલ (રહે,અમર એપાર્ટમેન્ટ, નારણપુરા, ઘાટલોડીયા) એ મયુરીકાબહેનને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી રોકડા રૂપીયા ૭,૬૦,૦૦૦/- ઉછીના મેળવી લઈ પરત નહીં કરી, મયુરીકાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એચ.બી.ચાવડા** ચલાવે છે.

<u>ઘરફોડ:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૫/૧૬</u>

**નારણપુરા : કુણાલ રાજેશભાઈ પટેલ (રહે. આવકાર એપાર્ટમેન્ટ, દર્પણ પાંચ રસ્તા પાસે, રતિલાલ પાર્ક ની સામે, નારણપુરા)** એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૯/૧૬ રાતનાં ૧૦/૦૦ થી તા.૧૭/૯/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન નારણપુરા સરદાર પટેલ બાવલા પાસે, કુમકુમ સોસાયટી ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૯ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, પાન-મસાલા, કોસ્મેટીક વસ્તુઓ અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **આર.કે.સોલંકી** ચલાવે છે.

<u>ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૬/૧૬</u>

**વેજલપુર : મુનીશઅલી ગુલામઅકબર મોમીન (રહે. રંગ અવધુત સોસાયટી, ગાંધી સ્મ્રુતી સોસાયટીની બાજુમાં, મોતી બેકરીની ગલીમાં, જુહાપુરા)** એ તા.૧૭/૯/૧૬ નાંરોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૧૩/૦૯/૧૬ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીનુ લોક ખોલી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭,૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એ.વી.પટેલ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાડજ : હંસાબેન વા/ઓ દિનેશભાઈ નટવરભાઈ મારૂ (ઉ.વ.૪૫)(રહે. સુભાષનગર તુલસીનગર સોસાયટી, પાસે, જુના વાડજ)** એ તા.૧૭/૯/૧૬ નાંરોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૬ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે **તીજોરીનું તાળુ બંધ હોવાથી તાળા ચાવી બનાવવાવાળા બે સરદારજી જેવાં ઇસમો (૨૦ થી ૨૫ વર્ષ આશરાનાં) ઘરમાં આવી, તીજોરીની ચાવી બનાવવાના બહાને હંસાબહેનને વાતોમાં રાખી, હંસાબહેનની નજર ચુકવી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લીધા બાદ હંસાબહેનને જણાવેલ કે તીજોરીનું લોક ખુલતુ ન હોઇ "બીજા માણસને બોલાવીને આવુ છું જે તીજોરીનુ લોક ખોલી આપશે" તેમ કહી બંને ઇસમો પલાયન થઇ ગયા હતા.** આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેસીંગભાઇ ગોવાભાઇ ચલાવે છે.

<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયા:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૭/૧૬</u>

**વાડજ : કલાવતીબહેન તે અશોકભાઈ ડાહ્યાલાલ ઠક્કર નાઓના વિધવા પત્ની (રહે. ગ્રીનસીટી એપાર્ટમેન્ટ, નિર્ણયનગર)** તા.૧૭/૯/૧૬ ના કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષ આશરાનાં) કલાવતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કલાવતીબહેન ઠક્કરે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **જે.બી. બુંબડીયા** ચલાવે છે.

**પાલડી : સંજયભાઇ ઉત્તમભાઇ શાહ (ઉ.વ.૪૧) (રહે, અંકુર ફ્લેટ, જૈન સુપર માર્કેટની બાજુમાં, શાંતીવન પાલડી)** તા.૧૭/૯/૧૬ ના કલાક ૭/૧૦ વાગ્યાના સુમારે **પાલડી, મોહંમદી મસ્જીદની બાજુમાંથી** પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષ આશરાનાં) સંજયભાઇના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૭,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંજયભાઇ શાહે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એ.જી.ગોહીલ** ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૮/૧૬</u>

**રીવરફ્રન્ટ વેસ્ટ : માલવ કિરીટભાઈ ત્રીવેદી (ઉ.વ.૩૧)(રહે. બોરડીવાળી પોળ, દરવાજાનો ખાંચો, શાહપુર)** બીમારીથી કંટાળી જઇ તા.૧૭/૯/૧૬ ના કલાક ૯/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નહેરૂબ્રીજ અને એલીસબ્રીજ વચ્ચે, ઘાટ નંબર ૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **રીવરફ્રન્ટ વેસ્ટ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંગભાઇ નંદરીયાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)